પાંચમી ટી-20 વરસાદમાં ધોવાઈ, ભારતે 2-1થી સિરીઝ જીતી

ઓસ્ટ્રેલિયાએ બેટિંગ માટે આમંત્રણ આપ્યા બાદ ભારતે 4.5 ઓવરમાં વગર નુકસાને 52 રન બનાવી લીધા હતા ત્યારે વરસાદના કારણે મેચ અટકાવવામાં આવી

અભિષેક શર્મા મેન ઓફ ધ સિરીઝ

બ્રિસબેન, તા. 8 (પીટીઆઈ): શનિવારે વરસાદને કારણે પાંચમી અને અંતિમ ટી-20 મેચ રદ થઈ હતી આ સાથે જ ભારતે ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની T20 શ્રેણી 2-1થી જીતી લીધી હતી.

ગાબામાં બેટિંગ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, ભારતે ઓપનર અભિષેક શર્મા (13 બોલમાં 23 અણનમ) અને શુભમન ગિલ (16 બોલમાં 29 અણનમ) સાથે આક્રમક શરૂઆત કરી હતી.

પરંતુ વીજળી ચમકવા લાગતા રમત અટકાવવામાં આવી હતી, તે સમયે ભારતે 4.5 ઓવરમાં કોઈ નુકસાન વિના 52 રન બનાવી લીધા હતા. થોડા સમય પછી ભારે વરસાદ શરૂ થયો, જેના કારણે મેચ રદ કરવામાં આવી.

આ પહેલા, ઓસ્ટ્રેલિયા પાસે ખતરનાક અભિષેકને વહેલા આઉટ કરવાની તક હતી. ગ્લેન મેક્સવેલે પહેલી ઓવરમાં ડાબા હાથના બેટ્સમેનનો સરળ કેચ છોડી દીધો, જ્યારે બેન ડ્વારશુઈસે ચોથી ઓવરમાં અભિષેકનો કેચ છોડી દીધો જ્યારે તે 11 રન પર હતો.

ત્રણ બોલ પછી, અભિષેકે મિડવિકેટ પર જોરદાર છગ્ગો ફટકારીને ભારતીય ચાહકોને રોમાંચિત કરી દીધા. ગિલે ત્રીજી ઓવરમાં ડ્વારશુઈસની ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકારીને ભારતની ઝડપી શરૂઆતની લય જાળવી રાખી.

શ્રેણીની પહેલી T20 મેચ પણ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાએ બીજી મેચ ચાર વિકેટથી જીતી હતી. ભારતે ત્રીજી અને ચોથી મેચ અનુક્રમે પાંચ વિકેટ અને 48 રનથી જીતીને જોરદાર વાપસી કરી હતી.

અભિષેક શર્માને મેન ઓફ ધ સિરીઝનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ અગાઉ વન-ડે શ્રેણી 2-1થી જીતી હતી.

ભારતીય છોકરીઓને વર્લ્ડકપ જીતવા બદલ અભિનંદન

ભારતીય છોકરીઓએ ICC વર્લ્ડકપ જીત્યો તેનો ઉત્સાહ ભારતીય ક્રિકેટ પ્રેમીઓના ચહેરા પર સતત સ્મિત લાવી રહ્યો છે, જ્યારે ભારતના રાષ્ટ્રપતિ અને વડા પ્રધાન અને વિવિધ રાજ્ય સરકારો દેશને ગૌરવ અપાવનારી છોકરીઓનું સન્માન કર્યું છે. ભવ્ય રાષ્ટ્રપતિ ભવનમાં જવું એ એક રોમાંચક અનુભવ છે જેને શબ્દોમાં વ્યક્ત કરી શકાતો નથી. બર્મિંઘમ પેલેસમાં જવા કરતાં તે ઘણું વધારે ગભરાટ લાવનારું છે, પરંતુ એકવાર કોઈ લીલાછમ મેદાનમાં પ્રવેશ કરે છે ત્યારે ગભરાટ ગર્વની ભાવનાથી ભરાઈ જાય છે અને રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને મળવાનો લહાવો અદ્ભુત છે. હરમનપ્રીત અને તેની ટીમે ફક્ત દરેક ભારતીય ક્રિકેટ પ્રેમીના હૃદયમાં જ નહીં, પણ જેઓ ભાગ્યે જ આ રમતને અનુસરે છે તેમના હૃદયમાં પણ પોતાનું નામ અંકિત કરી લીધું છે. ફક્ત કૌશલ્યનું સ્તર જ નહીં પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર આવવાનો ઉગ્ર નિશ્ચય પણ તેમના અભિયાનની ઓળખ હતી. ટીમમાં પ્રતિભા હંમેશા રહી છે, પરંતુ ભૂતકાળમાં રમતના ટર્નિંગ પોઈન્ટ પર સ્વભાવ ડગમગ્યો હતો. પણ આ વખતે નહીં, કારણ કે લીગ સ્ટેજમાં જીતવા જોઈતી મેચો હારવા છતાં, તેઓએ ત્યાં પોતાની ભૂલોમાંથી શીખ્યા અને જ્યારે સેમિફાઇનલ અને ફાઇનલમાં સમાન પરિસ્થિતિ આવી, ત્યારે તેઓ તેના માટે તૈયાર હતા અને એ જ ભૂલો કરી નહીં.

સૌથી વધુ આનંદદાયક ભાગ એ હતો કે હરમનપ્રીત અને તેની ટીમે મિતાલી રાજ અને ઝુલન ગોસ્વામી જેવી ભૂતપૂર્વ ખેલાડીઓને પોતાની સાથે ઉજવણીમાં લાવ્યા અને તેમને ટ્રોફી આપી જેથી તેઓ તે ટ્રોફી પોતાના માથેથી ઊંચી ઉંચકી શકે. હાલની કેટલાક ખેલાડીઓ આ બંને અદ્ભુત ખેલાડીઓ સાથે રમી હશે અને હૃદયદ્રાવક હાર જોઈ હશે, ખાસ કરીને 2017માં ઇંગ્લેન્ડ સામે તે સાંકડી હાર અને એ જોવું ખૂબ જ અદ્ભુત હતું કે હરમનપ્રીત અને તેની ટીમે જીતની ક્ષણમાં પણ આ છોકરીઓએ તેમની કારકિર્દી ઘડવામાં ભજવેલી ભૂમિકા ભૂલી ન હતી.

ICC ના અધ્યક્ષ જય શાહના હાથે લાંબા સમયથી રાહ જોવાતી ટ્રોફી મેળવતા પહેલા હરમનપ્રીતે ભાંગડાના કેટલાક સ્ટેપ્સ પણ કર્યા હતા. તે કેરેબિયન ખેલાડીઓ અન્ય રમતની ઉજવણીની નકલ કરવાને બદલે મૌલિકતા લાવવાની ઉજવણી કરે છે તેવી તાજગીભર્યો ઉજવણી હતી.

જય માટે પણ તે ખૂબ જ સંતોષની ક્ષણ હોવી જોઈએ કારણ કે જો કોઈ વ્યક્તિ હોય જેણે ભારતીય છોકરીઓને ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે સાહસિક પગલાં લીધા હોય, તો તે BCCIના ભૂતપૂર્વ સચિવ છે. તેમના નેતૃત્વ હેઠળ જ BCCI એ ભારત માટે રમતી વખતે છોકરીઓની મેચ ફી પુરુષો જેટલી જ કરવાનો નિર્ણય લીધો. જો તે આત્મવિશ્વાસ વધારનાર ન હતું, તો WPL શરૂ કરવાથી ચોક્કસપણે તે બન્યું, જ્યાં કેટલીક છોકરીઓ કરોડપતિ જ ન બની પરંતુ રમતના કેટલીક વિદેશી દિગ્ગજો સાથે રમવાની અને તેમની પાસેથી શીખવાની તક પણ મળી. તે એક મોટો ગેમ ચેન્જર બની શકે છે કારણ કે તે જોઈને તેમના પ્રત્યેનો ભય મિશ્રીત આદર દૂર થઈ જાય છે કે આ મહાન ખેલાડીઓ પણ અન્ય લોકોની જેમ માનવ છે - બે આંખો, કાન, હાથ અને પગવાળા માનવ.

લેઈટ કટ
- સુનિલ ગવાસ્કર

મંદિરા બેદીને પણ ભૂલી શકાય નહીં, જેમણે નિઃસ્વાર્થ ભાવે મહિલા ટીમને પોતાની એન્ડોર્સમેન્ટ ફી આપી હતી, પરંતુ અમુક બ્રાન્ડ અને અન્ય કેટલાકને મહિલા ક્રિકેટને સ્પોન્સર કરવા માટે પણ લાવ્યા હતા તે સમયે મહિલા ક્રિકેટ માટે ભાગ્યે જ કોઈ સમર્થન હતું .

છેલ્લે, છોકરીઓને સાવધાન રહેવાની એક વાત. જો વચન આપેલા કેટલાક પુરસ્કારો તમને ન મળે તો કૃપા કરીને નિરાશ થશો નહીં. ભારતમાં, પોતાની જાહેરાત કરનારાઓ, બ્રાન્ડ્સ અને વ્યક્તિઓ વિજેતાઓના ખભા પર પોતાના માટે મફત પ્રચાર મેળવવાનો પ્રયાસ કરે છે. ટીમને અભિનંદન આપતા આખા પાનાના જાહેરાતો અને હોર્ડિંગ્સ પર એક નજર નાખો. સિવાય કે તેઓ ટીમ અને વ્યક્તિગત ખેલાડીઓના પ્રાયોજકો હોય, બાકીના ફક્ત તેમના બ્રાન્ડ્સ અથવા પોતાને પ્રમોટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ભારતીય ક્રિકેટને ગૌરવ અપાવનારાઓને કંઈ આપી રહ્યા નથી.

1983ની ટીમને પણ તે સમયે મીડિયામાં ભરપૂર કવરેજ સાથે ઘણા વચનો આપવામાં આવ્યા હતા. લગભગ બધા ક્યારેય સાકાર થયા નહીં. મીડિયાને દોષી ઠેરવી શકાય નહીં કારણ કે તેઓ ઉંચી જાહેરાતો કરવામાં ખુશ હતા, તેઓ જાણતા ન હતા કે આ બેશરમ લોકો તેમનો પણ ઉપયોગ કરી રહ્યા છે. તો છોકરીઓ, જો આ બેશરમ લોકો તમારી જીતનો ઉપયોગ પોતાને પ્રમોટ કરવા માટે કરી રહ્યા હોય તો ચિંતા કરશો નહીં.

1983ના છોકરાઓ તમને કહેશે કે આટલા દાયકાઓ પછી, સરળ ભારતીય ક્રિકેટ પ્રેમીઓનો પ્રેમ અને સ્નેહ આપણી સૌથી મોટી સંપત્તિ છે અને તેથી જ્યારે તમે પણ તમે આરામ કરશો ત્યારે તે તમારી પણ હશે. ફરી એકવાર હાર્દિક અભિનંદન. દેશને તમારા પર ગર્વ છે. જય હિંદ.

BCCI અને મોહસીન નક્વી એશિયા કપ ટ્રોફી વિવાદ સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા સંમત

દુબઈમાં PCB ચેરમેન મોહસીન નકવી સાથે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ બેઠક કરી

ભારતીય અને પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ એશિયા કપ ટ્રોફી વિવાદની મડાગાંઠ ઉકેલવામાં સફળ રહ્યા છે અને આગામી દિવસોમાં વાજબી ઉકેલ લાવવામાં આવશે: સૈકિયા

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટ બોર્ડ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસીન નકવી એશિયા કપ ટ્રોફી વિવાદ સોહાર્દપૂર્ણ રીતે ઉકેલવા સંમત થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે.

દુબઈમાં ICCની બેઠકથી અલગ PCB ચેરમેન મોહસીન નકવી સાથે બેઠક કર્યા બાદ BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ પત્રકારોને શનિવારે જણાવ્યું હતું કે ભારતીય અને પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ એશિયા કપ ટ્રોફી વિવાદની મડાગાંઠ ઉકેલવામાં સફળ રહ્યા છે અને આગામી દિવસોમાં વાજબી ઉકેલ માટે કામ કરશે.

પાકિસ્તાનના ગૃહ મંત્રી નકવી એશિયન ક્રિકેટ કાઉન્સિલના (ACC) અધ્યક્ષ પણ છે તેમના ભારત વિરોધી વલણને કારણે વિજેતા ભારતીય ટીમે તેમના હાથેથી એશિયા કપ ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યા પછી નકવીએ ભારતને એશિયા કપ ટ્રોફી સોંપી ન હતી. 28 સપ્ટેમ્બરના રોજ દુબઈમાં T20 ટુર્નામેન્ટની ફાઇનલમાં સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે પાકિસ્તાનને હરાવ્યું હતું.

'હું ICCની (આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ) અનૌપચારિક અને ઔપચારિક બંને બેઠકોનો ભાગ હતો. PCBના (પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ) ચેરમેન મોહસીન નકવી પણ તેમાં હાજર હતા. ઔપચારિક બેઠકમાં ટ્રોફી વિવાદ એજન્ડામાં ન હતો, પરંતુ ICCએ તેના બે વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં મારી અને નકવી વચ્ચે એક અલગ બેઠકનું આયોજન કર્યું હતું', એમ સૈકિયાએ જણાવ્યું.

સૈકિયાએ ખાતરી આપી હતી કે ટૂંક સમયમાં ઉકેલ શોધવામાં આવશે.

સૈકિયાએ કહ્યું, 'ચોક્કસપણે, જો ભવિષ્યમાં વસ્તુઓ સકારાત્મક રીતે આગળ વધે છે, તો આ મુદ્દો શક્ય તેટલી વહેલી તકે ઉકેલાઈ જશે.'

ઉલ્લેખનીય છે ટ્રોફી દુબઈમાં ACC મુખ્યાલયમાં રાખવામાં આવી છે, અને નકવીએ ત્યાંના સ્ટાફને તેમની મંજૂરી વિના તેને ન ખસેડવાની સૂચના આપી છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે ભારતીયોએ ફક્ત તેમના તરફથી જ આ ટ્રોફી સ્વીકારવી પડશે.

BCCI સચિવે કહ્યું, 'બંને પક્ષો આ મુદ્દાને શક્ય તેટલી વહેલી તકે ઉકેલવા માટે કંઈક કરશે. હવે જ્યારે ગતિરોધ ઉકેલાઈ ગયો છે, ત્યારે વિવિધ વિકલ્પો શોધવામાં આવશે.'

સૈકિયાએ કહ્યું, 'બીજા પક્ષ પાસે પણ વિકલ્પો હશે, અને અમે આ મુદ્દાને ઉકેલવા અને સૌહાર્દપૂર્ણ ઉકેલ શોધવા માટે વિકલ્પો પણ પ્રદાન કરીશું.'

કેરળે સૌરાષ્ટ્રને 160માં ઓલઆઉટ કર્યું, નિધિશની 6 વિકેટ

મંગલાપુરમ (કેરળ), તા. 8 (પીટીઆઈ): મીડિયમ પેસર બોલર એમડી નિધિશની 6 વિકેટની મદદથી કેરળે શનિવારે રણજી ટ્રોફી ગ્રુપ-બીની મેચના પહેલા દિવસે પ્રથમ ઇનિંગમાં સૌરાષ્ટ્રને માત્ર 160 રનમાં ઓલઆઉટ કર્યું હતું અને ત્યારબાદ તેણે દિવસના અંત સુધી બે વિકેટે 82 રન બનાવ્યા હતા.

કેરળે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. જમણા હાથના બોલર નિધિશ (20 રનમાં 6 વિકેટ) સૌરાષ્ટ્રના બેટ્સમેનો પર ત્રાટક્યો હતો, જેના કારણે મુલાકાતી ટીમ 55.2 ઓવરમાં 160 રનમાં ઓલઆઉટ થઈ હતી. નિધિશે ફર્સ્ટ-ક્લાસ મેચમાં આઠમી વખત પાંચ કે તેનાથી વધુ વિકેટ લીધી. નિધીશે સાતમી ઓવરમાં સતત બે બોલ પર બે વિકેટ લીધી હતી જોકે તે હેટ્રિક લેવાથી ચૂકી ગયો હતો.

સોરાષ્ટ્ર તરફથી જય ગોહિલે 123 બોલમાં 84 રન બનાવ્યા, તેણે સૌરાષ્ટ્રના કુલ સ્કોરમાં અડધાથી વધુનું યોગદાન કર્યું. ગોહિલ અને પ્રેરક માંકડ (13 રન) વચ્ચે ચોથા વિકેટ માટે 69 રનની ભાગીદારીની મદદથી સૌરાષ્ટ્રએ 150થી વધુનો સ્કોર કર્યો.

કેરળે સ્ટમ્પ સુધી 22 ઓવરમાં બે વિકેટ ગુમાવી 82 રન બનાવી લીધા હતા, ઓપનિંગ બેટ્સમેન રોહન કુન્નુમલ 58 બોલમાં 59 રન બનાવીને રમતમાં છે.

મહારાષ્ટ્ર સામે કર્ણાટકે પહેલા દિવસે 5 વિકેટે 257 રન બનાવ્યા

ગ્રુપ-બીની એક અન્ય મેચમાં, મહારાષ્ટ્ર સામે કર્ણાટકે પાંચ વિકેટે 257 રન બનાવી લીધા હતા. કર્ણાટકનો સ્કોર એક સમયે ત્રણ વિકેટે 89 રન હતો.

કર્ણાટક દ્વારા પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યા બાદ કેપ્ટન અને ઓપનર મયંક અગ્રવાલે 80 રન બનાવ્યા હતા, જ્યારે રવિચંદ્રન સ્મૃતિએ 84 બોલમાં 54 રન બનાવ્યા હતા. કરુણ નાયર 4 રન બનાવી રામકૃષ્ણ ઘોષના બોલ પર આઉટ થયો હતો. અનુભવી સ્પિનર જલજ સક્સેનાએ 80 રન આપીને ત્રણ વિકેટ લીધી હતી.

શુટીંગ વર્લ્ડ ચેમ્પિયનશીપ: રવિન્દર સિંહે ગોલ્ડ, એલાવેનિલે બ્રોન્ઝ જીત્યો

રવિન્દર સિંહે 50 મીટર ફ્રી પિસ્તોલ ઇવેન્ટમાં જ્યારે એલાવેનિલ વાલારિવાને મહિલા 10 મીટર એર રાઇફલમાં મેડલ જીત્યા.

કેરો, તા. 8 (પીટીઆઈ): બે વખતની ઓલિમ્પિયન એલાવેનિલ વાલારિવાને મહિલા 10 મીટર એર રાઇફલ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું પરંતુ તેને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો, જ્યારે સૈન્યના અનુભવી શૂટર રવિન્દર સિંહે શનિવારે ISSF વર્લ્ડ ચેમ્પિયનશિપ (પિસ્તોલ અને રાઇફલ)ના પહેલા દિવસે 50 મીટર ફ્રી પિસ્તોલ ઈવેન્ટમાં વ્યક્તિગત ગોલ્ડ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું હતું. 26 વર્ષીય એલાવેનિલ ફાઇનલમાં આગળ રહ્યા પછી પોડિયમમાં ટોચ પર રહેવા માટે સારી સ્થિતિમાં હતી, પરંતુ તેના 19મા શોટમાં તેને 10.0 પોઈન્ટ મળ્યા જેના કારણે તે ત્રીજા સ્થાને આવી ગઈ અહીંથી તેની લય તૂટી ગઈ હતી. તે તેના 22મા શોટમાં ફક્ત 9.9નો સ્કોર કરી શકી અને 232ના સ્કોર સાથે ત્રીજા સ્થાને રહી.

દક્ષિણ કોરિયાની બાન હ્યોજિને 255.0 ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ચીનની વાંગ જીફેઈ 254.0 ના સ્કોર સાથે બીજા સ્થાને રહી.

ભારતીય મહિલા ટીમમાં ઈલાવેનિલ, મેઘના સજ્જનાર અને શ્રેયા અગ્રવાલ હતી, જેમણે કુલ 189.3 સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જ્યારે ચીન (1901.7) અને દક્ષિણ કોરિયાએ (1899.9) અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા હતા. જમ્મુ અને કાશ્મીરના ભારતીય સેનાના હીરો સુબેદાર રવિંદર માટે ગોલ્ડ જીતવો તે સૌથી મોટી સિદ્ધિ છે. તેણે 569 પોઈન્ટ મેળવીને ઈવેન્ટમાં ટોચનું સ્થાન મેળવ્યું, દક્ષિણ કોરિયાના કિમ ચેઓંગયોંગ (556 પોઈન્ટ) અને વ્યક્તિગત તટસ્થ એથ્લીટ એન્ટોન એરિસ્ટારખોવને (556 પોઈન્ટ) બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો.

રવિન્દર (569), કમલજીત (540) અને યોગેશ કુમારની (537) ભારતીય ટીમે કુલ 1646ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો. દક્ષિણ કોરિયાએ કુલ 1648ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો જ્યારે યુક્રેનએ કુલ 1644ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

જુરેલે સતત બીજી સદી લગાવી ભારતીય ટેસ્ટ ટીમ માટે દાવેદારી મજબૂત કરી

ભારત-એની દ. આફ્રિકાએ સામે સ્થિતિ મજબૂત

ભારત-એએ 382 રન પર બીજો દાવ ડિક્લેર કર્યો, કુલ સરસાઈ 416 રનની થઈ

આજે છેલ્લા દિવસે દ. આફ્રિકાને જીતવા માટે વધુ 392 રનની જરૂર

બેંગ્લુરૂ, તા. 8 (પીટીઆઈ): વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલે શનિવારે અહીં ચાર દિવસીય મેચના ત્રીજા દિવસે દક્ષિણ આફ્રિકા-એ સામે બીજી ઇનિંગમાં સતત બીજી સદી ફટકારીને ભારત-એની સ્થિતી મજબૂત કરી હતી. જુરેલ ભારતીય ટેસ્ટ ઇલેવનમાં પોતાનું સ્થાન મજબૂત બનાવવાની નજીક પહોંચ્યો છે. જુરેલે (127 અણનમ) હર્ષ દુબે (84) સાથે છઠ્ઠી વિકેટ માટે 184 રનની ભાગીદારી કરી, જેના પગલે ભારત-એ એ સાત વિકેટે 382 રન પર પોતાનો બીજો દાવ ડિક્લેર કર્યો, જેનાથી તેની કુલ લીડ 416 રન થઈ હતી. દક્ષિણ આફ્રિકા-એ એ સ્ટમ્પ્સ સમયે કોઈ વિકેટ ગુમાવ્યા વિના 25 રન બનાવ્યા હતા અને જીતવા માટે તેને ચોથા દિવસે વધુ 392 રનની જરૂર છે.

લેસેગો સેનોકવેન (9) અને જોર્ડન હરમન (15) સ્ટમ્પ્સ સમયે ક્રીઝ પર હતા. વેસ્ટ ઇન્ડીઝ સામે ભારતની છેલ્લી ટેસ્ટ શ્રેણીમાં નિયમિત વિકેટકીપર ઋષભ પંતની ઈજાને કારણે જુરેલને ટીમમાં લેવામાં આવ્યો હતો તેણે બીજી ટેસ્ટમાં સદી ફટકારી હતી. ઈજામાંથી સ્વસ્થ થયા પછી પંત રાષ્ટ્રીય ટીમમાં પાછો ફર્યો હોવા છતાં, દક્ષિણ આફ્રિકા-A સામે બે સદી ફટકારનાર જુરેલ પ્લેઈંગ ઇલેવનમાં પોતાનું સ્થાન જાળવી રાખે તેવી શક્યતા વધુ છે. તેણે પહેલી ઇનિંગમાં અણનમ 132 રન બનાવ્યા હતા.

આજનું પંચાંગ

તા. 09/11/2025, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** કારતક :
તિથિ: વદ : પાંચમ :25:56
રાષ્ટ્રિય દિનાંક : કારતક : 18
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
નક્ષત્ર : આર્દ્રા:20:05
યોગ : સિદ્ધ, **કરણ:** કૌલવ
રાશિ: મિથુન (ક.છ.ઘ.)
દિવસ :સામાન્ય - બુધ વક્રી 24:33 થી
સુરતમાં સૂર્યોદય : 06:47 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:58 **નવકારસી :** 07:35
પારસી વર્ષ : 1395, ખોરદાદ માસનો 27મો રોજ
મુસલમાન વર્ષ : 1447, જમાદીઉલ અવલ માસનો 17મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળ : સાંજે 16:30 થી 18:00 સુધી

મેષ (અ,લ,ઇ,): પ્રવાસ ટેકનોલોજી અને મનોરંજન પાર્ટીનું આયોજન કરનાર માટે અનુકૂળ દિવસ, મિત્રોનો સાથ મળે.

વૃષભ (બ,વ,ઉ,): ખાણીપીણી મોજ-શોખના ધંધામાં લાભ. કુટુંબ પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

મિથુન (ક,છ,ઘ,): ઇચ્છિત મુલાકાત અને ઇચ્છિત કાર્યની સફળતા મળે.પરિવારમાં નવા મહેમાનનું આગમન.

કર્ક (ડ,હ,): ધાર્મિક પ્રવાસ થાય. સમાજ સેવાનાં કામ થાય. વિદેશ પ્રવાસની યોજનામાં મદદ મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): વફાદાર અને ઉચ્ચ કક્ષાના મિત્રો તેમજ વિજાતિય મિત્રોની મદદથી નવા વેપારનું આયોજન.

કન્યા (પ,ઠ,ણ,): નવા ઘર, મકાન, જમીન કે ઓફિસની ખરીદીની યોજનામાં સહકાર મળે. શુભ સમાચાર.

તુલા (ર,ત,): વિદેશ પ્રવાસ ધાર્મિક યાત્રા આયાત નિકાસના કામમાં કાયદાકીય મદદ મળે.

વૃશ્ચિક (ન,ય,): ખાવા-પીવામાં ધ્યાન રાખવું. મિત્રો સાથે પાર્ટી થાય વડીલોનો સાથ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઉમર લાયકને યોગ્ય પાત્ર મળે. નવી આવકની યોજના બને. જાહેર જીવનમાં દોડ-ધામ વધે.

મકર (ખ,જ,): આરોગ્ય સુધરે, ઉધાર લેવાનું ટાળવું. માતા અને વિજાતિય મિત્રો સાથે વિવાદ ટાળવો.

કુંભ (ગ,સ,શ,ષ,): પ્રેમમાં સહકાર મળે. મિત્રો સાથે સામાજિક કાર્ય થાય. સંતાનોનાં કામ પાર પડે.

મીન (દ,ચ,ઝ,થ,): બહારના કામમાં અનુકૂળતા રહે. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય. પ્રવાસ થાય.

કોઈ પણ સાલમાં 09 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવી આવક-વ્યવસાય વેપાર અને ધંધા માટે યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે તેમજ હરીફો સામે ટક્કાની યોજના બને. ચાલુ નોકરીમાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે.ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સરકારી નોકરીની તક મળે. શિક્ષણમાં પ્રગતિથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધે. વિદેશનાં કામ ધીમા પડે. નવાં ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષ અનુકૂળ રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ અને સંઘર્ષ બંને રહે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. મિત્રો સાથે આવક વધારવાની યોજના બને. વારસા, જાયદાદ, જમીનનાં કામમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટમાં નોકરી ધંધામાં અનુકૂળતાથી સંતોષનો અનુભવ થાય. નવેમ્બર ડિસેમ્બરમાં કૌટુંબિક પ્રશ્નોથી અશાંતિ પેદા થાય.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

કમળો

ભોંયઆમળાના છોડ 30 ગ્રામ, ટેટુની છાલ 25 ગ્રામ, પુનરનવા મૂળ 25 ગ્રામનો રસ કાઢી પીવો. તાજા દ્રવ્યોના અભાવમા બધા દ્રવ્યો સરખા ભાગે ચવકુટ કરી, તેમાંથી દશ ગ્રામ દ્રવ્યનો ઉકાળો પીવો.

અનુસંધાન ... પાના પહેલાનું

ચંદ્રના ધ્રુવો...

પાણી-બરફની સંભવિત હાજરી, સપાટીનું ખરબચડાપણું તેમજ એક મહત્વપૂર્ણ વિદ્યુત ગુણધર્મ, એટલે કે ડાઇલેક્ટ્રિક કોન્સ્ટન્ટ, જે ચંદ્રની સપાટીની ઘનતા અને છિદ્રાળુતા જેવા લક્ષણોનું વર્ણન કરે છે, તેના પર અદ્યતન ડેટા પ્રોડક્ટ્સ વિકસાવ્યા છે," એમ તેમણે જણાવ્યું હતું. આગામી ચંદ્ર મિશન માટે પણ આ ડેટા મહત્વનો છે, કારણ કે તેઓ થર્મલ સ્ટેબિલિટી ઝોનમાં પ્રથમ ક્રમની આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે જ્યાં થીજેલું પાણી પ્રવર્તે છે, જે ભવિષ્યમાં સંસાધન ઉપયોગ અને ઉતરાણ સ્થળ પસંદગીમાં મદદ કરશે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦૦ ડેટા સેટ્સ મળ્યા છે અને તેમને પ્રોસેસ કરવામાં આવ્યા છે. આ ડેટા હવે સૌ અભ્યાસ કરી શકે તે માટે ખુલ્લો મૂકાયો છે જે વૈજ્ઞાનિક સમુદાયને ખૂબ ઉપયોગી સાબિત થશે.

પાકિસ્તાન પણ...

કહેવાય છે જે સંકલિત ઓપરેશનલ પ્રતિભાવની માંગ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ(સીડીએસ)ના હોદાની રચના કરવામાં આવી છે.